ધોળાકુવા કોમ્પલેક્ષના ચોથા માળેથી પટકાતા યુવાનનું મોત

લીફટ પાસેના પેસેજમાંથી રાત્રે અંધારામાં યુવાન ગબડી પડ્યો

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર નજીક ધોળાકૂવા ગામની સીમમાં સ્થિત અક્ષત એ-૧ કોમ્પલેક્ષના ચોથા માળેથી ગઈ રાત્રે ૨૦ વર્ષીય રાજસ્થાની યુવાન નીચે પટકાતા તેનું કરૂણ મૃત્યુ નિપજ્યું હતું. લીફટ પાસે પડતી ખાલી જગ્યામાંથી રાત્રીના અંધારામાં ગબડી પડતા ઘટના સર્જાઈ હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. સે. ૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

મુળ રાજસ્થાનનો વતની અને હાલ ધોળાકુવા ખાતે રહેતો ૨૦ વર્ષીય યુવાન અક્ષત એ-૧ કોમ્પલેક્ષના ચોથા માળેથી ગઈ રાત્રે ૧૧ વાગ્યાના અરસામાં નીચે પટકાયો હતો. ૨૦ વર્ષિય છોટુરામ મંજુરામ મીણા ગઈ રાત્રે ૪થા માળે સુઈ ગયો હતો અને ૧૧ વાગ્યાના અરસામાં આંખ ખુલી ત્યારે અંધારામાં ખસવા ગયો ત્યારે લીફટ પાસેના પેસેજમાંથી ચોથા માળેથી ગબડી પડ્યો હતો. ચોથા માળેથી પટકાતા માથામાં ગંભીર ઈજાઓ થવાથી હેમરેજ થઈ જતાં ઘટનાસ્થળે જ તેનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજ્યું હતું. સે. ૭ પોલીસમથકના પી.એસ.ઈ. જે.જી. પરમારે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

નવા સચિવાલયમાં ઘુસતી અલ્ટો ગાડીમાંથી રિવોલ્વર મળી આવી

સચિવાલયની સુરક્ષા ચકાસણી કરવા એસ.પી.એ જ ખાનગી વ્યક્તિને મોકલ્યો હતો

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર સ્થિત નવા સચિવાલયના ગેટ નં. ૭ પરથી આજે બપોરના અરસામાં એક અલ્ટો ગાડી પ્રવેશી હતી. તેનું ચેકીંગ કરતા ગાડીમાંથી એક રિવોલ્વર મળી આવતા સુરક્ષા જવાનો ચોંકી ગયા હતા અને અલ્ટોચાલકને પકડી પાડ્યો હતો. પળવારમાં જ સામેના માર્ગે ઉભેલી એલસીબીની ટીમ દોડી આવી હતી. એસ.પી.ની સુચનાથી સલામતી વ્યવસ્થા તથા વાહન ચેકીંગ યોગ્ય થાય છે કે કેમ? તેની ચકાસણી થઈ હોવાનું સુરક્ષા જવાનોને જણાવતા હાશકારો અનુભવ્યો હતો.

અતિ સુરક્ષીત ગણાતા નવા સચિવાલય સંકુલની સુરક્ષા વ્યવસ્થામાં ગાબડા તો નથી ને? તેની ખરાઈ કરવા માટે જિલ્લા ડીએસપી શરદ સિંઘલની સુચનાથી એલસીબી પી.એસ.આઈ. વાય.જે. રાઠોડ તથા તેમની ટીમ નવા સચિવાલય બહાર ઉભી રહી ગઈ અને એક મારૂતી અલ્ટો ગાડી નં. જીજે-૧૮-એએમ-૬૬૩૨ની ડેકીમાં રીવોલ્વર સંતાડીને નવા સચિવાલય ગેટ નં. ૭ના પ્રવેશદ્વાર પરથી ગાડી મોકલવામાં આવી હતી. જો કે સલામતી શાખાના જવાનો તથા હાજર પોલીસે વાહન ચેકીંગ દરમ્યાન આ ગાડીમાં સંતાડાયેલી રિવોલ્વર પકડી પાડી હતી. ગાંડીમાંથી રિવોલ્વર મળતા જવાનો ચોંકી ગયા હતા અને અલ્ટો લઈને ઘુસેલા ખાનગી વ્યક્તિને ઝડપી લીધો હતો. જો કે આ ડીકોઈ હોવાનું એલસીબીની ટીમે સ્થળ પર પહોંચીને જણાવ્યું હતું.

ક-૫ થી ક-૬ રૂટમાં સ્ટોર્મ વોટર લાઈન નાંખવામાં આવશે

વરસાદી પાણીના નિકાલને લાઈન માટે ૬૬ લાખ ખર્ચાશે

ગાંધીનગર, તા. ૩૦

'ક' માર્ગ પર ક-૫ થી ક-૬ વચ્ચે સ્ટોર્મ વોટર લાઈન નાંખવાનું કામ ટુંકમાં શરૂ કરી દેવાશે. આ કામગીરી પાછળ રૂ. ૬૬ લાખનો ખર્ચ થશે. સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી માટે ટેન્ડરપ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

શહેરના સેક્ટરોમાં દાયકાઓના અંતે પણ સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી થઈ શકી નથી. નગરના ૩૦ સેક્ટરો પૈકી માત્ર ૭ જ સેક્ટરોમાં સ્ટોર્મ વોટર લાઈનનું કામ પૂર્ણ કરાયું છે. જ્યારે બાકીના સેક્ટરોમાં સ્ટોર્મ વોટરલાઈનના પ્રોજેક્ટનું કામ માત્ર કાગળ પર જ રહી ગયું છે. છેલ્લા ત્રણ વર્ષથી આ મામલે તંત્ર દ્વારા કરાયેલી દરખાસ્ત પણ વિભાગ કક્ષાએ ધૂળ ખાય છે. જેના પરિણામે સેક્ટરોમાં ચોમાસા દરમિયાન જળબંબાકારની સ્થિતિ જોવા મળે છે. બીજીતરફ શહેરના 'ગ' અને 'ખ' માર્ગ ઉપર પણ વરસાદી દિવસોમાં પાણી ભરાઈ જાય છે. આ સ્થિતિ નિવારવા ક-માર્ગ પર ક-૫ થી ક-૬ વચ્ચે સ્ટોર્મ વોટર લાઈન નાંખવાના કામને મંજૂરી આપી દેવાઈ છે. સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી પાછળ રૂ. ૬૬ લાખનો ખર્ચ કરવામાં આવશે. ટૂંકમાં ટેન્ડરપ્રક્રિયા હાથ ધરાશે.

અગોરા મોલ પાસે પાશ્વનાથ સોસાયટીમાં યુવકનો ગળેફાંસો

નાયલોન દોરી વડે ગળેફાંસો ખાઈ કોઈ કારણોસર જીવન ટુંકાવ્યું

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર નજીક અગોરા મોલ પાસે આવેલી પાશ્વનાથ બંગ્લોઝમાં રહેતા ૨૨ વર્ષિય યુવાને કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે નાયલોન દોરી વડે ગળેફાંસો ખાઈ લઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

મુળ મધ્યપ્રદેશનો વતની અને હાલ ગાંધીનગર નજીકના અગોરા મોલ પાસે સ્થિત પાશ્વનાથ બંગ્લોઝમાં રહેતો ૨૨ વર્ષિય યુવાન રાહુલ દિવાકરરાવ બંસોડે કોઈ કારણોસર પોતાના ઘરે જ અંતિમ પગલુ ભરી લીધુ છે. પ્લાસ્ટીકની નાયલોન દોરી વડે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ યુવાને કરેલા આપઘાતનું ચોક્કસ કારણ હજુ બહાર આવ્યું નથી. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે. યુવકનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી દેવામાં આવ્યો છે.

નહેરુ યુવા કેન્દ્ર દ્વારા યુથ હોસ્ટેલ ખાતે જિલ્લા યુવક મંડળોને રમત ગમત કીટ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં યુવક બોર્ડના પૂર્વ ઉપાધ્યક્ષ સંજીવ મહેતા, સામાજીક કાર્યકર અરુણભાઈ બુચ, આઈ.એ.એસ. વોરા સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સંજીવ મહેતાએ તેમના વકતવ્યમાં સરદાર સાહેબની પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી વિશે રસપ્રદ માહિતી આપી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

અંબોડ ખાતે યોજાનાર અશ્વ-શો ગાંધીનગર જીલ્લાની ઓળખ બનશે

અંબોડ ગામ ખાતે યોજાનાર અશ્વ શો ગાંધીનગર જિલ્લાની ઓળખ બની રહેશે.... જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપ ગાંધીનગરૈં ગુરૂવારૂં અંબોડ ગામ ખાતે યોજાનાર અશ્વ શો એ ગાંધીનગર જિલ્લાની ઓળખ બની રહેશે, તેવું આજરોજ અંબોડ ખાતે યોજાનાર અશ્વ શોના સુચારું આયોજન અર્થે મળેલ જિલ્લા વહીવટી તંત્રની બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપે જણાવ્યું હતું.

રાજય સરકાર દ્વારા ગાંધીનગર - મહુડી માર્ગ પર આવેલા અંબોડ ગામ નજીકથી પસાર થતી સાબરમતી નદીના પટમાં તા-૯ ફેબ્રુઆરી થી તા-૧૬ ફેબ્રુઆરી દરમ્યાન ભવ્ય અશ્વ શોનું આયોજન કરવામાં આવ્યું છે. આજે આ અશ્વ શોના સુવ્યવસથિત આયોજન માટે જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપના અધ્યક્ષ સ્થાને જિલ્લાના અધિકારીશ્રીઓની બેઠક અંબોડ ગામના મીની પાવાગઢ મંદિરના પરિસરમાં મળી હતી.

બેઠકના આરંભ પહેલા જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપે અશ્વ શોના સમગ્ર ગ્રાઉન્ડનું નિરીક્ષણ કર્યુ હતું. નિરીક્ષણ દરમ્યાન અશ્વ શોના કાર્યક્રમમાં જરૂરી સુવિધાઓ વિશેની માહિતી મેળવી હતી.

બેઠકમાં જિલ્લા કલેકટરશ્રીએ અશ્વ શોનું ગતૂ વર્ષે આયોજન કરનાર એ કિવટેશન એસોસિયેશનના -મુખ શ્રી આશિષ અમીન અને રીપુદમનસિંહ વાઘેલા પાસેથી અશ્વ શોની માહિતી મેળવી હતી. વર્ષ- ૨૦૧૪માં યોજાનાર

● અનુસંધાન પાન-૭ પર

લાયોનેસ કલબ દ્વારા ગણતંત્ર દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૩૦

લાયોનેસ કલબ ઑફ ગાંધીનગર દ્વારા દેશના ૬૫મા ગણતંત્ર દિવસની ઉજવણી કુડાસણની "ાથમિક શાળામાં કરવામાં આવી હતી.

૨૬મી જાન્યુઆરીના રોજ કુડાસણની સરકારી "ાથમિક શાળાના પટાંગણમાં શાળાના બાળકો દ્વારા ધ્વજવંદન તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભાગ લેનાર બધાજ બાળકોને લાયોનેસ કલબ ઑફ ગાંધીનગર દ્વારા ઈનામો આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં કુડાસણની "ાથમિક શાળા તથા હાઈસ્કૂલના લગભગ ૧૭૫ જેટલા બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. બાળકોના વાલીઓ તથા ગ્રામજનોએ આ કાર્યક્રમ શાંતિપૂર્વક નિહાળ્યો હતો.

આ "સંગે કુડાસણ ગામના સરપંચશ્રી કાળાજી ઠાકોર, તાલુકા પંચાયતના તાલુકા ડેલીગેટ શ્રી રાજેન્દ્રભાઈ પટેલ, નવયુગ હાઈસ્કુલના આચાર્ય શ્રી રમેશભાઈ પટેલ, નિવૃત સેનાની શ્રીપાલ વર્ધન, એસ.એમ.સી. અધ્યક્ષ શ્રીમતી સવિતાબેન ઠાકોર તથા પંચાયતના સદસ્યો અને ગામના આગેવાનો, લાયોનેસ "મુખ આરતી ભટ્ટ, સેક્રેટરી મીનાક્ષી જયસિંઘાણી, ઉપ"મુખ ચંદા યાદવ, ભૂતપૂર્વ "મુખ અંજલિબેન ભટ્ટ તથા લાયોનેસ લક્ષ્મી જોશી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા શાળાના "ન્સીપાલ અને કેળવણી નિરીક્ષક શ્રી હસમુખભાઈ પટેલ તથા શાળાના શિક્ષકગણ અને વિદ્યાર્થીઓએ ખૂબ જહેમત કરી હતી.

સે. ૧૭ મધ્યસ્થ ગ્રંથાલયમાં યોજાનાર માર્ગદર્શન સેમિનાર રદ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૭માં આવેલ રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય ખાતે આજે યોજાનાર કારકિર્દી માર્ગ દર્શન સેમિનાર અનિવાર્ય સંજોગોને કારણે રદ કરવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર દ્વારા વિવિધ અભ્યાસક્રમ કરતા વિદ્યાર્થી વાચકોને રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર દ્વારા લેવાતી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા અંગે સચોટ માર્ગદર્શન મળી રહે તે માટે ગ્રંથાલય સે. ૧૭ ખાતે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આ ક્ષેત્રના તજજ્ઞ ડૉ. કલ્યાણસિંહ ચંપાવતના એક પરિસંવાદનું આયોજન આજે તા. ૩૧ મી જાન્યુઆરી-૨૦૧૪ના રોજ બપોરે ૨ કલાકે કરવામાં આવેલ જે અનિવાર્ય સંજોગોને કારણે રદ કરવામાં આવ્યો છે. તેની તમામે નોંધ લેવી તેમજ રજીસ્ટ્રેશન રદ કરાવવા કાર્યાલયનો સંપર્ક સાધવા ગ્રંથપાલ વર્ષાબેન મહેતાએ જણાવ્યું છે.

લલીતકલા એકેડમી સંચાલીત બ્યુટી પાર્લરના કલાસમાં પરીક્ષાઓ લેવાઈ હતી. બહેનોએ બ્યુટીપાર્લરની તાલીમ લઈ પોતે જાતે તૈયાર થઈ પોતે લીધેલ તાલીમની રજૂઆત કરી હતી. છ મહીનાના આ કોર્ષમાં ૧૪ બહેનો પરીક્ષા આપી રહી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

મફત ધ્યાનયોગ શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૩૦

આજના યુવાધનને યોગ અને પ્રાણાયમ તરફ વાળવા દિવ્ય જીવન સંઘ અને ગાયત્રી શક્તિપીઠ ગાંધીનગર દ્વારા તા. ૧ ફેબ્રુઆરીથી ૧૦ ફેબ્રુઆરી સુધી ધ્યાન યોગ-શિબિર યોજવામાં આવશે.

યુવાનો વ્યસન અને તણાવમુક્ત જીવન જીવી શકે તે માટે ગાયત્રી શક્તિપીઠ સેકટર-૧ ખાતે સવારે ૭ થી ૮ કલાક દરમ્યાન ધ્યાન યોગ-શિબિર યોજાશે. યોગ દ્વારા જીવનમાં તણાવ દૂર કરી નિયંત્રણથી જીવી શકાય તે માટે વિવિધ યોગાસનો વિશેનું પ્રશિક્ષણ આપવામાં આવશે.

દંપતિ સંમેલન યોજાશે

ગાંધીનગર, તા. ૩૦

શ્રી સરસ્વતી શિશુ વાટિકા અને પ્રાથમિક વિદ્યામંદિર દ્વારા દંપતિ સંમેલન તા. ૨ ફેબ્રુઆરી રવિવાર બપોરે ૨-૦૦ કલાકે વિદ્યાભારતી સંશોધન કેન્દ્ર સે-૨૨ ખાતે યોજાશે.

આધુનિક સમયમાં બાળકો શિક્ષણને લગતા પ્રશ્નોથી અટવાતા હોય છે ત્યારે તેમના વિશેની માહિતી માર્ગદર્શિત કરવા દંપતિ સંમેલન યોજવામાં આવશે. કાર્યક્રમમાં હર્ષદભાઈ શાહ કુલપતિ, બાળ વિશ્વ વિદ્યાલય, ઈન્દુમતિબેન કાટદરે અને ઋતાબેન પરમાર ઉપસ્થિત રહેશે.

અન્ડર-૧૯ સી.કે. નાયડુ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગુજરાતે બે મેચ જીતી

છત્તીસગઢ અને તામિલનાડુને હરાવ્યું : ગાંધીનગરના માનવેન્દ્ર મહેતાનું બંને મેચમાં પ્રશંસનીય પ્રદર્શન

ગાંધીનગર, તા.૩૦

મધ્યપ્રદેશના ઈન્દોર ખાતે રમાઈ રહેલી રાષ્ટ્રીય અંડર-૧૯ સી.કે. નાયડુ સ્મૃતિ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગુજરાતની ક્રિકેટ ટીમ છત્તીસગઢ અને તાલીમનાડુની ટીમ સામે ભવ્ય વિજય મેળવ્યો હતો. આ બંને મેચમાં ગાંધીનગરના માનવેન્દ્ર મહેતાનું પ્રશંસનીય યોગદાન રહ્યું હતું.

રાષ્ટ્રીય કક્ષાની અંડર-૧૯ સી.કે. નાયડુ સ્મૃતિ ક્રિકેટ ટુર્નામેન્ટમાં છત્તીસગઢ સામેની મેચમાં વરસાદનું વિઘ્ન નડતા મેચ ૧૫ ઓવરની કરવામાં આવી હતી. છત્તીસગઢની ટીમે ૧૫ ઓવરમાં ૯૨ રન કર્યા હતા જેને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતની ટીમે બેટસમેન હર્ષજીતના ૩૧ રન અને માનવેન્દ્રના ૨૫ રનની મદદથી આસાનીથી પાર કરી ભવ્ય જીત મેળવી હતી.

આ સ્પર્ધાની અન્ય એક મેચમાં તામિલનાડુ ક્રિકેટ ટીમ સાથે થયેલી ટકકરમાં પણ ગુજરાતની ટીમનો વિજય થયો હતો. તામિલનાડુની ટીમે કરેલા ૧૧૦ રનનો સ્કોર પણ ગુજરાતની ટીમે હર્ષજીતના ૨૮ રન, મનવાલીના ૨૫ રન અને માનવેન્દ્રના ૧૯ રનની મદદથી પાર કરતા ગુજરાતે બીજો વિજય મેળવ્યો હતો.

ગાડી સળગાવીને ભાગી ગયેલો સે. ૪નો આરોપી ઝડપાયો

રાણીપમાં વર્ષ ૨૦૧૩માં ગુનો આચર્યો હતો : એલસીબીએ પકડી પાડયો

ગાંધીનગર, તા. ૩૦

અમદાવાદના રાણીપ પોલીસ સ્ટેશનની હદમાં ગાંધીનગર શહેરના સે. ૪-ડી ખાતે રહેતા યુવાન ચેતન ભોગીલાલ ઝીંઝુવાડીયાએ માવજીભાઈ પ્રજાપતિની ગાડી વર્ષ ૨૦૧૩માં સળગાવી દીધી હતી અને ભાગી ગયો હતો. ત્યારથી નાસતો ફરતો ચેતન ઝીંઝુવાડીયા આજે ગાંધીનગર એલસીબીના સકંજામાં આવી ગયો છે. એલસીબી પીએસઆઈ વાયજે. રાઠોડ તથા તેમની ટીમે તેની ધરપકડ કરી આરોપીને રાણીપ પોલીસને હવાલે કર્યો છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૨
સૂર્યાસ્ત : ૬.૧૪

તાપમાન

મહત્તમ : ૩૦.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૨.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૨ ટકા ● સાંજે ૩૩ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
જય હો : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
વન બાય ટુ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
જય હો : ૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫, ૬.૧૫, ૯.૧૫
: સ્ક્રીન-૪ :
જય હો : ૧૧.૧૫, ૮.૧૫
દેઢ ઈશ્કિયા : ૨.૧૫
યારીયાન : ૫.૧૫

સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :
જય હો : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫
: સ્ક્રીન-૨ :
વન બાય ટુ : ૩.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
જય હો : ૧૨.૪૫, ૬.૪૫
વન બાય ટુ : ૩.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૪ :
જય હો : ૧૦.૦૦, ૧૨.૪૫, ૬.૪, ૧૦.૦૦

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
જય હો : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
વન બાય ટુ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
જય હો :૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૬.૦૦, ૯.૦૦

સૂર્યા, વાવોલ

જય હો : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વન બાય ટુ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
જય હો : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
વન બાય ટુ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
જય હો : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

વિરાગ સિનેમા(કલોલ)

જય હો :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દેઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તમાવ રહેવાની સંભાવના છે. ધાર્મિક સત્સંગ થઈ શકશે. કુટુંબમાં સુખ-શાંતિ રહેશે.

વૃષભ : આજે સ્થાયી મિલકત ખરીદી થઈ શકે છે. જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

મિથુન : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

કર્ક : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબમાં ધાર્મિક તેમજ મંગળ કાર્યો યોજાશે.

સિંહ : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

કન્યા : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ઘરમાં મહેમાનનું આગમન થઈ શકે છે.

તુલા : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે.

વૃશ્ચિક : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે. ગહન સંશોધન સંબંધી કાર્ય થશે.

ધન : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

મકર : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

કુંભ : ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

મીન : જ્ઞાન, ગહન શોધ તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં સફળતા પૂર્વક પાર પડી શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

ચિરવિદાય

- સ્વ. સવિતાબેન ચંદુભાઈ દંતાણી (ઉ.વ. ૪૨) મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. માલતીબેન મધુસુદનભાઈ વેદ (ઉ.વ. ૭૨) પ્લોટ નં. ૧૭૫૫/૧, સેકટર-૨/ડી, ગાંધીનગર.